મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોના ૫૦૦ કિચનશેડનું આધુનિકરણ કરવાની યોજનાની વહીવટી મંજૂરી આપવા બાબત. સને ૨૦૧૬-૧૭ : નવી બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૫/૪૧૦ /૨,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૩૦/૦૪/૨૦૧૬

વંચાણે લીધા:-

(૧) ભારત સરકારનો માનવ સંશાધન મંત્રાલયનો તા.૧૫/૦૪/૨૦૧૪ના નો અસ પત્ર ક્રમાંક: નં.૭-૧૩/૨૦૧૩-ઇઇ.૬/(એમડીએમ ૩-૧),

(૨) શિક્ષણ વિભાગના તા.૨૩/૯/૨૦૧૪ અને તા.૧૧/૦૨/૨૦૧૫ અને તા.૨૬/૩/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક :મભય /૧૦૨૦૧૪ /૨૧૫ /૨,

(૩) કમિશ્નરશ્રી,મ.ભો.યો.નો તા.૧૩/૪/૨૦૧૬ નો પત્ર ક્રમાંક: મભય/અમલ/મોર્ડનકિચનશેડ/૨૦૧૬-૧૭/૩૮૯૭

ઠરાવ —

ગુજરાત રાજયની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ગરમ તેમજ પૌષ્ટિક આહાર મળી રહે તે હેતુથી મધ્યાહન ભોજન યોજના હેઠળ ગરમ અને તાજું ભોજન બનાવવા માટે કિચન શેડનું બાંધકામ કરવામાં આવે છે.પ્રાથમિક શાળાઓના કિચન શેડનું આધુનિકરણ કરવા માટે એક કિચન શેડ દીઠ રુ.૪.૨૫ લાખ લેખે ૫૦ કિચનશેડ માટે સને.૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં નવી બાબતે નીચે મુજબની રુ.૨૧૨.૫૦/લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

| ક્રમ | માંગણી નંબર | યુનિટ | એક યુનિટનો ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧ | જનરલ (માંગણી નં.૯) | ૩૬ | રુ.૪.૨૫ લાખ | ૧૫૩.૦૦ લાખ |
| ૨ | એસ.સી.પી(માંગણી નં.૯૫) | ૫ | રુ.૪.૨૫ લાખ | ૨૧.૨૫ લાખ |
| ૩ | ટીએએસપી(માંગણી નં.૯૬) | ૯ | રુ.૪.૨૫ લાખ | ૩૮. ૨૫લાખ |
| | કુલ | ૫૦ | | ૨૧૨.૫૦ લાખ |

કમિ.મ.ભો.યો.ના સંદર્ભ -૩ ના પત્રથી નીચે મુજબના કોલમમાં દર્શાવેલ કિચન શેડના આધુનીકરણ કરવા માટેની કુલ- ૧૮ આઇટમ બાબતે સદરહું બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવાની અને આ યોજનાની કામગીરી અને ગ્રાન્ટ સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પરિષદ,ગાંધીનગરને હવાલે મુકવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

(રકમ રૂપિયામાં )

| ક્રમ | સાધનની વિગત | એકમ | રકમ ,પ્રતિ એકમ | કુલ અંદાજીત ખર્ચ |
|---|---|---|---|---|
| ૧ | સ્ટેનલેસ સ્ટીલનું ૧૫૦ લીટર કેપેસેટીવાળું કુકર | ૧ | ૬૭૦૦૦.૦૦ | ૬૭૦૦૦.૦૦ |
| ૨ | ટીલર્ટીંગ ફ્રાઇંગ પાન | ૨ | ૬૧૫૦૦.૦૦ | ૧,૨૩,૦૦૦.૦૦ |
| ૩ | થ્રી બર્નર કુકીંગ રેન્જ | ૧ | ૩૪,૭૦૦.૦૦ | ૩૪,૭૦૦.૦૦ |
| ૪ | વેટ મસાલા ગાઇન્ડર | ૧ | ૨૩,૨૦૦.૦૦ | ૨૩,૨૦૦.૦૦ |
| ૫ | ઢોકળા મશીન/સ્ટીમર | ૧ | ૫૨,૯૦૦.૦૦ | ૫૨,૯૦૦.૦૦ |
| ૬ | સ્ટેનલેસ સ્ટીલ ટેબલ વીથ ટુ અન્ડર સેલ્ફ | ૩ | ૨૧૪૦૦.૦૦ | ૬૪,૨૦૦.૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | સપ્લાય,ફેબ્રીકેશન,ઇન્સ્ટોલેશન એન્ડ કમીસનીગ ઓફ સીલીન્ડર મેનીફોલ્ડ(૪ સીલીન્ડર) | ૧ | ૫૫૦૦.૦૦ | ૫૫૦૦ |
| ૮ | કોમ્પેકટ વાલ્વ એડેપ્ટર ફોર એલ.પી.જી.સીલીન્ડર | ૪ | ૬૫૦.૦૦ | ૨૬૦૦.૦૦ |
| ૯ | નોન રીટર્ન વાલ્વ ફોર એલ.પી.જી.સીલીન્ડર મેનીફોલ્ડ | ૪ | ૭૦૦.૦૦ | ૨૮૦૦.૦૦ |
| ૧૦ | હાય પ્રેસર બ્રાસ નોન રીટર્ન વાલ્વ ફોર એલ.પી.જી.સીલીન્ડર મેનીફોલ્ડ | ૪ | ૫૦૦.૦૦ | ૨૦૦૦.૦૦ |
| ૧૧ | ૧૫ પી.એસ.આઇ. ફસ્ટ સ્ટેજ પ્રિસેટ પ્રેસર રેગ્યુલેટર | ૧ | ૨૫૦૦.૦૦ | ૨૫૦૦.૦૦ |
| ૧૨ | મેઇન લાઇન કવીક શટ ઓફ ટેફલોનસીલ્ડ લીવરં ઓપેરેટેડ ૧/૨*૧/૨ ડાયાબોલ વાલ્વ | ૨ | ૨૧૦૦.૦૦ | ૪૨૦૦.૦૦ |
| ૧૩ | ૨૨ એમએમ ટાટા સી કલાસ પાઇપ (ફીટીંગ સાથે) | ૨૦ | ૫૦૦.૦૦ | ૧૦,૦૦૦.૦૦ |
| ૧૪ | મેઇન લાઇન કંન્ટ્રોલ વાલ્વ ફોર કીચન ઇક્વીપમેન્ટ કનેકશન | ૫ | ૬૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૧૫ | ફલેકસીબલ બર્નર પીગટેલ વીથ ૩/૮ નટ એન્ડ બુલનોઝ એન્ડ ૩૬ લોંગ ફોર ઇક્વીપમેન્ટ ઓફ કનેકશન | ૫ | ૬૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૧૬ | પોર્ટેબલ ફાયર એકસ્ટીંગ્વીશર વીથ ડ્રાય પાવડર | ૨ | ૫૦૦૦.૦૦ | ૧૦,૦૦૦.૦૦ |
| ૧૭ | ફાયર (સ્ટેન્ડ) બકેટ | ૨ | ૩૫૦૦.૦૦ | ૭,૦૦૦.૦૦ |
| ૧૮ | સેકન્ડ સ્ટેજ એડજસ્ટેબલ રેગ્યુલેટર વીથ બ્રાસ કપલીંગ | ૫ | ૧૪૦૦.૦૦ | ૭,૦૦૦.૦૦ |
| | કુલ રકમ રુ. | | | ૪,૨૫,૦૦૦.૦૦ |

૨/ પુખ્ત વિચારણાના અંતે સને.૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં નવી બાબતે ઉપર મુજબ માંગણી નં.૯,૯૫ અને ૯૬ માટે પ્લાન સદરે પ્રાથમિક શાળાઓના કિચન શેડનું આધુનિકરણ કરવા માટે એક કિચન શેડ દીઠ રુ.૪.૨૫ લાખ (અંકે રૂપિયા ચાર લાખ પચીસ હજાર પુરા) લેખે ૫૦ કિચનશેડ માટે રુ.૨૧૨.૫૦ /લાખની (અંકે રૂપિયા બે કરોડ બાર લાખ પચાસ હજારપુરા) બજેટ જોગવાઇને ઉપર મુજબના કોલમમાં દર્શાવેલ કુલ-૧૮ આઇટમ માટે ખર્ચ કરવાની અને આ યોજનાની કામગીરી અને ગ્રાન્ટ સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પરિષદ,ગાંધીનગરને હવાલે મુકવાની બાબત નીચે મુજબની શરતોને આધિન આથી મંજુરી આપવામાં આવે છે.

શરતો-

(૧) આ અંગેની ગ્રાન્ટ સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ,ગાંધીનગરને હવાલે મુકવાની રહેશે.

(૨) કિચન શેડનું આધુનિકરણ માટેના કેન્દ્રોની યાદી તૈયાર કરીને સમય-મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

(૩) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકિય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૫) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારની સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રોઅને નિયમોની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક-એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/છમાં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું તથા તે અંગેની વખતો વખતની સુચનાઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૮) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષના આખરે સરન્ડર કરવાની રહેશે.

(૯) ટેન્ડરીંગમાં Taxes સહિતના ભાવો મેળવવાના રહેશે.

(૧૦) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૧) આ અંગેનો ખર્ચ તા.૧/૪/૨૦૧૬થી કરવાનો રહેશે.

૪/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રના માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે. (બિન આદિજાતી)

૫/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રના માંગણી નંબર-૯૫, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે. (ખાસ અંગભૂત યોજના)

૬/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રના માંગણી નંબર-૯૬, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના વિગતવાર-સદર (૦૩)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે. (આ.વિ.પે.યો.)

૭/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૨૭/૦૪/૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.પી. પટેલ )
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

--માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
--માન. રા.ક. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-- અ.મુ. સચિવશ્રી (શિ.) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
--સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ,સેકટર-૧૭,ગાંધીનગર
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- એકાઉન્ટન્ટ જનરલ, (ઓડિટ)ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- બજેટ શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)
-- નાણાં વિભાગ/બજેટ/નાણાં શાખા, (શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- નાયબ સેકશન અધિકારીશ્રી/ સિલેકટ ફાઇલ.